# 9 રાષ્ટ્રીય આવક (National Income)

**પરિચય**

રાષ્ટ્રીય આવક એ દેશના વિકાસની પારાશીશી છે. આજનાં રાષ્ટ્રો તેમની રાષ્ટ્રીય આવકના આંકડાઓ રજૂ કરતા રહે છે. પ્રથમ આપણે જાણીએ.

**રાષ્ટ્રીય આવકનો અર્થ :** વર્ષ દરમિયાન દેશમાં ઉત્પન્ન થયેલ તમામ વસ્તુઓ અને સેવાઓનું કુલ નાણાકીય મૂલ્ય. વર્ષ દરમિયાન દેશમાં જે કુલ આર્થિક પ્રવૃત્તિ થાય છે, તેમાંથી મળતી કુલ આવક એ રાષ્ટ્રીય આવક છે.

**રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા :**

**(1) માર્શલની વ્યાખ્યા :** વર્ષ દરમિયાન દેશના શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ સાથે સહયોગ કરવાથી જે દૃશ્ય અને અદૃશ્ય વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે તે દેશની રાષ્ટ્રીય આવક છે.

**(2) ફિશરની વ્યાખ્યા :** વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહે છે.

**(3) પિગુની વ્યાખ્યા :** રાષ્ટ્રીય આવક વસ્તુ અને સેવાઓનો એવો પ્રવાહ છે કે જેની ચૂકવણી નાણાં દ્વારા કરવામાં આવી હોય છે અથવા જેને નાણાંમાં સહેલાઈથી રજૂ કરી શકાય.

**રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ :** વર્ષ દરમિયાન ઉત્પાદનનાં ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલા ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે. દા.ત. ભાડુ + વ્યાજ + વેતન + નફો = રાષ્ટ્રીય આવક. જ્યારે વર્ષ દરમિયાન ઉત્પાદનનાં સાધનોથી દેશનાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો એ રાષ્ટ્રીય પેદાશ છે. દેશમાં વિવિધ પેઢીઓ દ્વારા વર્ષ દરમિયાન ઉત્પન્ન કરવામાં આવેલ વસ્તુઓ અને સેવાઓ રાષ્ટ્રીય પેદાશ છે. દા.ત., ખેતી + ઉદ્યોગ + સેવાક્ષેત્રનું કુલ ઉત્પાદન

**રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ :** અર્થતંત્રના સૈદ્ધાંતિક રીતે બે પ્રકાર છેઃ **(1) અલિપ્ત અર્થતંત્રઃ** વિદેશ વેપાર વગરનું અર્થતંત્ર દેશમાંથી વસ્તુસેવાની નિકાસ થતી ન હોય અને આયાત પણ ન થાય તેવું અર્થતંત્ર. **(2) ખુલ્લું અર્થતંત્રઃ** એવું અર્થતંત્ર જેમાં વિદેશ વેપારની ભૂમિકા હોય છે. અમુક કાર્યો સરકાર કરે છે. આયાત-નિકાસ થાય છે. અહીં ચક્રાકાર પ્રવાહ અલિપ્ત અર્થતંત્રના સંદર્ભમાં છે. એક બાજુ પેઢીઓ અને બીજી બાજું સાધનમાલિકો છે. આ સાધન માલિકો જમીન મૂડી શ્રમ પેઢીને આપે છે. પેઢી બદલામાં તેમને ભાડું, વ્યાજ, વેતન આપે છે. પેઢીએ બનાવેલ વસ્તુ બજારમાંથી સાધનમાલિકો ખરીદે છે. બદલામાં મળેલી આવક (ભાડું, વેતન, વ્યાજ) પેઢીને ચૂકવે છે. આમ, ઉત્પાદન-આવક-ખર્ચનો ચક્રાકાર પ્રવાહ સર્જાય છે.

**રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો :**

**(1) કુલ આંતરિક પેદાશ :** વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેના બજારમૂલ્યને કુલ આંતરિક પેદાશ કે કુલ ઘરેલું ઉત્પાદન કહે છે.

**(2) શુદ્ધ આંતરિક પેદાશ :** કુલ આંતરિક પેદાશમાંથી ઘસારા-ખર્ચ બાદ કરવામાં આવે, તો શુદ્ધ આંતરિક પેદાશ મળે છે.

**(3) કુલ રાષ્ટ્રીય પેદાશ :** દેશની હદમાં જે ઉત્પાદન કરે છે તે આંતરિક પેદાશ છે. જ્યારે નાગરિકો વર્ષ દરમિયાન દેશમાં કે વિદેશમાં જે ઉત્પાદન કરે છે તેના મૂલ્યનો સરવાળો એ કાચી રાષ્ટ્રીય પેદાશ છે.

**(4) શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ :** કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી ઘસારા ખર્ચ બાદ કર્યા પછી જે મળે તે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ હોય છે.

**માથાદીઠ આવક :** માથાદીઠ આવક પણ આર્થિક વૃદ્ધિનો એક માપદંડ છે. કોઈ એક દેશની રાષ્ટ્રીય આવકને એ વર્ષની કુલ વસ્તી વડે ભાગતા જે આવક મળે તે માથાદીઠ આવક હોય છે.

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

**રાષ્ટ્રીય આવકનું માપ :** ત્રણ પદ્ધતિઓ દ્વારા થાય છે.

**(1) ઉત્પાદનની પદ્ધતિ :** અર્થતંત્રનાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં થતા અંતિમ વસ્તુના ઉત્પાદનને ધ્યાનમાં લેવાય છે. બેવડી ગણતરી ટાળવામાં આવે છે. ગૃહિણીની સેવા ગણાતી નથી. આરોપીત ભાડું ગણાય છે. સંરક્ષણ, પોલીસની સેવા ભારતમાં રાષ્ટ્રીય આવકમાં ગણાય છે.

**(2) આવકની પદ્ધતિ :** પિગુની વ્યાખ્યા ઉપરથી તારવવામાં આવી છે. ચાર સાધનોને મળતી આવક ભાડું, વેતન, વ્યાજ, નફાનો સરવાળો કરવાથી રાષ્ટ્રીય આવક જાણી શકાય છે. સબસીડી બાદ કરાય છે. વિદેશની ચોખ્ખી આવક ઉમેરવામાં આવે છે. ફરીથી વેચાણ થાય તે આવક ગણાતી નથી.

**(3) ખર્ચની પદ્ધતિ :** વપરાશી ખર્ચ, મૂડીરોકાણનાં ખર્ચ, સરકારી ખર્ચ, ચોખ્ખું નિકાસખર્ચનો સરવાળો કરવાથી રાષ્ટ્રીય આવક જાણી શકાય છે. તેમાં હેરફેરનું ખર્ચ, પેન્શન, બેકારીભથ્થું, વિધવાસહાય, જૂના શૅર ગણાતા નથી.

**રાષ્ટ્રીય આવક ગણવાની મુશ્કેલીઓ :** દેશની સાચી રાષ્ટ્રીય આવક નથી મળતી તેનાં કારણોમાં બેવડી ગણતરી, સ્વવપરાશની વસ્તુઓ, ઘસારો, કરટાળો, ગેરકાયદેસર આવક, નિરક્ષરતા, સાટાપદ્ધતિ, એકથી વધુ વ્યવસાયની આવક વગેરે કારણો જવાબદાર હોય છે.

**નાણાકીય આવક :** ચાલુ ભાવે ગણાતી રાષ્ટ્રીય આવક એ નાણાકીય રાષ્ટ્રીય આવક છે.

**વાસ્તવિક આવક :** સ્થિર ભાવે ગણાતી રાષ્ટ્રીય આવક એ વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે.

## વિભાગ A

- **નીચેના પ્રશ્નોના જવાબો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

**1.** અર્થતંત્રની કામગીરીનું સરવૈયું એ કઈ આવક છે ? ☐

(A) રાષ્ટ્રીય (B) માથાદીઠ

(C) સરેરાશ (D) સીમાંત

**2.** પ્રો. માર્શલે આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા શેના ઉપર આધારિત છે ? ☐

(A) ઉત્પાદન (B) આવક

(C) ખર્ચ (D) સંરક્ષણ

**3.** રાષ્ટ્રીય આવકમાં કયા સ્વરૂપની વસ્તુ અને સેવાઓ ધ્યાનમાં લેવાય છે ? ☐

(A) વચગાળાની (B) અર્ધતૈયાર

(C) અંતિમ (D) જાહેર

**4.** ભાડું + વેતન + વ્યાજ + નફો = એટલે શું ? ☐

(A) માથાદીઠ આવક (B) રાષ્ટ્રીય આવક

(C) નાણાકીય આવક (D) વાસ્તવિક આવક

**5.** ખેતી + ઉદ્યોગ + સેવાક્ષેત્રનું કુલ ઉત્પાદન = એટલે શું ? ☐

(A) રાષ્ટ્રીય પેદાશ (B) રાષ્ટ્રીય આવક

(C) માથાદીઠ આવક (D) નાણાકીય આવક

6. કુલ આંતરિક પેદાશનું બીજું નામ શું છે ?

(A) કુલ રાષ્ટ્રીય પેદાશ (B) કુલ નાણાકીય પેદાશ

(C) કુલ વાસ્તવિક પેદાશ (D) કુલ ઘરેલું ઉત્પાદન

7. દેશના નાગરિકોએ વિદેશમાં મેળવેલી આવકને કયા ખ્યાલમાં ગણતરીમાં લેવાતી નથી ?

(A) કુલ આંતરિક પેદાશ (B) કુલ રાષ્ટ્રીય પેદાશ

(C) કુલ માથાદીઠ આવક (D) કુલ રાષ્ટ્રીય આવક

8. GNPમાં કયા વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે ?

(A) અગાઉના વર્ષનું (B) ચાલુ વર્ષના

(C) બધાં વર્ષોનું (D) સરેરાશ વર્ષના

9. GNP = GDP + નીચેનામાંથી કયો વિકલ્પ આવે ?

(A) ઘસારો (B) વિદેશમાંથી મળેલી આવક

(C) વિદેશમાંથી મળેલી ચોખ્ખી આવક (D) કરવેરા

10. જો રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદર કરતા વસતિવૃદ્ધિનો દર ઊંચો હોય, તો માથાદીઠ આવકમાં શો ફેરફાર થાય ?

(A) વધે છે. (B) ઘટે છે.

(C) સ્થિર રહે છે. (D) કોઈ ફેરફાર થતો નથી.

11. દેશની પ્રગતિનો સાચો માપદંડ નીચેનામાંથી કયો છે ?

(A) વસ્તી (B) રાષ્ટ્રીય પેદાશ

(C) GNP (D) માથાદીઠ આવક

12. રાષ્ટ્રીય આવક માપવાની ઉત્પાદનની પદ્ધતિ કોની વ્યાખ્યા ઉપરથી વિકસાવાઈ છે ?

(A) માર્શલ (B) ફિશર

(C) પિગુ (D) સેમ્યુઅલસ

13. એક નાણાકીય વર્ષ દરમિયાન કુલ ખર્ચ શેના જેટલું હોય છે ?

(A) GDP (B) NDP

(C) GNP (D) NNP

14. ભારતમાં CSO (કેન્દ્રીય આંકડાકીય સંગઠન) ક્યારથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરે છે ?

(A) 1951 (B) 1961

(C) 1955 (D) 1954

15. ભારતમાં અત્યારે કયા વર્ષને પાયાનું વર્ષ ગણીને રાષ્ટ્રીય આવકની ગણતરી થાય છે ?

(A) 1999-2000 (B) 2005-2006

(C) 2009-2010 (D) 2015-2016

16. ઉત્પાદન જેટલું વધ્યું હોય તેટલી જ રાષ્ટ્રીય આવક વધે તો તે માપદંડ કેવો છે ?

(A) ખોટો (B) અર્ધસત્ય

(C) સાચો (D) અસત્ય

17. ચાલુ ભાવે ગણાતી આવક એ કઈ રાષ્ટ્રીય આવક છે ?

(A) માથાદીઠ રાષ્ટ્રીય આવક (B) નાણાકીય રાષ્ટ્રીય આવક

(C) વાસ્તવિક રાષ્ટ્રીય આવક (D) સાધનભાવે રાષ્ટ્રીય આવક

18. વાસ્તવિક રાષ્ટ્રીય આવક કયા ભાવોએ ગણવામાં આવે છે ?

(A) પાયાના વર્ષના (B) ચાલુ

(C) ભવિષ્યના વર્ષના (D) વિદેશી

19. દેશની સાચી આર્થિક સ્થિતિ કઈ આવક દર્શાવે છે ?

(A) રાષ્ટ્રીય આવક (B) માથાદીઠ આવક

(C) વાસ્તવિક રાષ્ટ્રીય આવક (D) નાણાકીય રાષ્ટ્રીય આવક

20. નીચેનામાંથી કઈ આવક રાષ્ટ્રીય આવકમાં ગણાશે ?

(A) દાણચોરીની આવક (B) પેન્શનની આવક

(C) પુસ્તકોના કૉપીરાઈટ્સની આવક (D) બેકારીભથ્થાની આવક

## વિભાગ B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. બે દેશોની સરખામણી કરવા રાષ્ટ્રીય આવકના કયા-કયા ખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે ?

2. રાષ્ટ્રીય આવક વધતી હોય તો તે શેનું પ્રતીક છે ?

3. પ્રો. ફિશરે આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા શેના ઉપર આધારિત છે ?

4. પ્રો. પિગુએ આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કયા પ્રકારની ગણાય છે ?

5. રાષ્ટ્રીય આવક કેટલાં વર્ષની આવકનું માપ છે ?

6. તૈયાર વસ્તુઓ અને સેવાઓ કોની પાસેથી ક્યાં જાય છે ?

7. સૈદ્ધાંતિક સમજૂતીની રીતે અર્થતંત્રના કેટલા પ્રકાર પાડવામાં આવે છે ? કયા-કયા ?

8. રાષ્ટ્રીય આવકના ચક્રાકાર પ્રવાહમાં નાણાંનો પ્રવાહ પેઢીઓ તરફથી કોના તરફ આવે છે ?

9. પેઢીઓ ઉત્પન્ન કરેલી વસ્તુઓ વેચવા માટે ક્યાં મૂકે છે ?

10. રાષ્ટ્રીય આવક કેટલી રીતે માપી શકાય છે ?

11. મૂડીસાધનોને કેમ બદલવામાં આવે છે ?

12. સરકારની ભૂમિકા હોય તેવા અર્થતંત્રને શું કહેવાય છે ?

13. મૂડીસાધનોને ઘસારો લાગતા તેમનામાં શો ફેરફાર થાય છે ?

14. માથાદીઠ આવક એ કેવું માપ છે ?

15. અર્થતંત્રનાં જુદાં-જુદાં ક્ષેત્રોનું વર્ગીકરણ આપો.

16. ભારતમાં ખેડૂતે સ્વવપરાશ માટે રાખેલ અનાજ રાષ્ટ્રીય આવકમાં ગણાય ?

17. રાષ્ટ્રીય પેદાશની ગણતરીમાં પરોક્ષ વેરાનું શું કરવામાં આવે છે ?

18. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં કઈ-કઈ આવકોનો સરવાળો થાય છે ?

19. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં કઈ-કઈ આવકો ગણાતી નથી ?

20. નાણાકીય ખર્ચનાં ચાર ઘટકો જણાવો.

## વિભાગ C

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. રાષ્ટ્રીય આવકમાં કઈ વસ્તુઓ અને સેવાઓ ગણવામાં આવતી નથી ?

2. બેવડી ગણતરીનું ઉદાહરણ આપો.

3. મૂલ્યવૃદ્ધિની પદ્ધતિ એટલે શું ?

4. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કયું વ્યાજ ગણાય છે અને કયું વ્યાજ બાકાત રખાય છે ? શા માટે ?

5. માત્ર અંતિમ વસ્તુઓનું મૂલ્ય ગણવું એટલે શું ?

6. સૈદ્ધાંતિક સમજૂતીની રીતે અર્થતંત્રના કેટલા અને કયા-કયા પ્રકાર પાડવામાં આવે છે ?

7. ખુલ્લું અર્થતંત્ર કોને કહેવામાં આવે છે ?

8. માથાદીઠ આવકની મહત્ત્વની ચાર બાબતો જણાવો.

9. સ્વવપરાશની વસ્તુઓ શા માટે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી ?

10. ચોખ્ખું નિકાસ-ખર્ચ એટલે શું ? ઉદાહરણથી સમજાવો.

11. ખર્ચની બેવડી ગણતરી કેવી રીતે થાય છે ? ટૂંકમાં સમજાવો.

12. ભારત, અમેરિકા અને રશિયા જેવા દેશોમાં રાષ્ટ્રીય આવક ગણવાની કઈ પદ્ધતિઓ યોગ્ય છે ?

13. સેકન્ડ હૅન્ડ વસ્તુની આવક અંગે રાષ્ટ્રીય આવકમાં શું જોગવાઈ છે ?

14. રાષ્ટ્રીય આવકની માર્શલ અને ફિશરની વ્યાખ્યામાં શો તફાવત છે ?

15. ચોખ્ખું ઉત્પાદન એટલે શું ? તે કઈ રીતે જાણવામાં આવે છે ?

**16.** ઉત્પાદન ઓછું વધ્યું હોય તોપણ રાષ્ટ્રીય આવક ક્યારે વધારે આવે છે ?

**17.** રાષ્ટ્રીય આવકની માપણી કયા માપદંડ દ્વારા થાય છે ? આ માપદંડ અસ્થિર હોય તો શું થાય ?

**18.** રાષ્ટ્રીય આવક માપવાની કોઈ પણ પદ્ધતિ અપનાવાથી તેનું માપ સરખું ક્યારે આવે ?

**19.** રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ વચ્ચેનો તફાવત આપો.

**20.** કોઈ પણ દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક શા માટે જાણવી (સરખાવવી) જોઈએ ?

## વિભાગ D

- **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** સાધનોની આવકમાં કઈ-કઈ આવકોનો સમાવેશ થાય છે ? ટૂંકમાં સમજાવો.

**2.** કુલ આંતરિક પેદાશ (GDP)ની મહત્ત્વની ત્રણ બાબતો જણાવો.

3. કોઈ પણ દેશની સાચી રાષ્ટ્રીય આવક ગણી શકાતી નથી. શા માટે ?

4. માથાદીઠ આવક ઉપર ટૂંક નોંધ લખો.

5. રાષ્ટ્રીય આવકની ગણતરીની ખર્ચની પદ્ધતિની મહત્ત્વની બે બાબતોની ચર્ચા કરો.

6. નાણાકીય આવક અને વાસ્તવિક આવકનો તફાવત આપો.

7. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉત્પાદન-આવક-ખર્ચના હિસાબો કરવામાં કઈ સમસ્યા સર્જાય છે ?

8. અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લા અર્થતંત્રનો તફાવત આપો.

**9.** રાષ્ટ્રીય આવક એટલે શું ? જુદી-જુદી વ્યાખ્યાઓ દ્વારા સ્પષ્ટ કરો.

**10.** માથાદીઠ આવકનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

## વિભાગ E

- **નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

**1.** બેવડી ગણતરીની સમસ્યા એટલે શું ? આ સમસ્યાને કેવી રીતે દૂર કરી શકાય ?

2. રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ જણાવી કોઈ એક પદ્ધતિ વિગતે ચર્ચો.

3. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિની મહત્ત્વની પાંચ બાબતો સમજાવો.

4. રાષ્ટ્રીય આવક માપવાની ઉત્પાદનની પદ્ધતિની મહત્ત્વની જોગવાઈઓ જણાવો.

5. નાણાકીય આવક અને વાસ્તવિક આવક તે બંનેમાંથી કયો ખ્યાલ અગત્યનો છે ? શા માટે ?

**6.** અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ સાથે સમજાવો.